# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૩૭/ક્વા-૦૩/૨૦૨૨-૨૩ / 520 તા. 21 NOV 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
કાનાભાઈ મેરૂભાઈ વતી જેસાભાઈ કાનાભાઈ લગારીયા
રહે. કલ્યાણપુર
તા. કલ્યાણપુર
જી. :દેવભુમી દ્વારકા, પીનકોડ : ૩૬૧૩૧૫ મોબાઈલ : ૯૦૬૭૦૨૫૫૪૩

વિષય : ખેતી વિષયક વીજ જોડાણ મળવા બાબત.

સંદર્ભે : કાનાભાઈ મેરૂભાઈ વતી જેસાભાઈ કાનાભાઈ લગારીયા ની રજુઆત તારીખ: ૩૦.૦૯.૨૦૨૨
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૩૭/ક્વા-૦૩/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, દ્વારકા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૭/ક્વા-૦૩/૨૦૨૨-૨૩/ 525 તા. 21 NOV 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૩૭/ક્વા-૦૩/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી કાનાભાઈ મેરુભાઈ વતી જેસાભાઈ કાનાભાઈ લગારીયા, ગામ – કલ્યાણપુર
સબડીવીઝન: દ્વારકા

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, દ્વારકા

:: ફોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
તારીખ: ગુરુવાર (૨૦-૧૦-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૧૦-૨૦૨૨ (ગુરુવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, કલ્યાણપુર તાલુકાના કલ્યાણપુર ગામે રે.સ.નં. ૯૯૭ (જુના રે.સ.નં. ૨૯૧) ની ખેતીની જમીન ધરાવું છું. સદર જમીનમાં ખેતી વિષયક વિજ જોડાણ મેળવવા માટે અગાઉ તા.૦૭/૦૩/૨૦૦૦, ના રોજ પહોંચ નં. ૦૮૦૬૫૪ થી રૂા.૨૫—૦૦ તથા થી તા.૨૯/૦૧/૨૦૦૧, ના રોજ પહોંચ નં.૯૩૫૭૬ થી રૂા.૧૨૧૬૩-૦૦ ની રકમ ભરી અને મારા પિતા કાનાભાઈ મેરૂભાઈ લગારીયા ના નામથી અરજી કરેલ છે. ઉપરોક્ત ખેતીની જમીન મારા નામે અને ખાતે આવેલ છે. અગાઉ સદર જમીનમાં વિજ જોડાણ આપવા માટે સર્વે થયેલ છે પરંતુ અમોને

વિજ જોડાણ મળેલ નથી. આ અંગે અમોએ સ્થાનીક પી.જી.વી.સી.એલ કચેરી કલ્યાલપુર ખાતે મૌખીક રીતે અવાર નવાર તપાસ કરેલ છે. પરંતુ હજુ સુધી અમોને કોઈ પ્રત્યુતર મળેલ નથી. તેમણે કહેલ કે તમે ગ્રાહક ફરીયાદ નિવારણ કચેરીમાં તમારી ફરીયાદ કરો. જેથી અમોને આપ સાહેબની કચેરીમાં ફરીયાદ કરવાની ફરજ પડેલ છે. અમારા પિતા કાનાભાઈ મેરૂભાઈ લગારીયા ના નામથી થયેલ નવા ખેતી વિષયક વિજ કનેકશન મેળવવાની માંગણી કરતી અરજીને હાલ ૨૧ એકવીસ) વર્ષો વિત્યા હોવા છતાં હજુ સુધી અમોને કોઈ વિજ કનેકશન આપવામાં આવેલ નથી. અમારા સાથે વિના કારણસર અન્યાય કરેલ છે. તેમજ અમોએ આ બાબતે વારંવાર તપાસ કરતા હજુ સુધી કોઈ પ્રકારનો પ્રત્યુતર મળેલ ન હોય, મારા પિતાએ અગાઉથી સદરહું વિજ કનેકશન બાબતે પૈસા ભરપાઈ કરેલ હોય, પરંતુ હજુ સુધી કોઈ કનેક્શન આપવામાં આવેલ ન હોય, જેથી આ બાબતે અમોને તાત્કાલીક વિજ કનેકશન મળી રહે તેવો હુકમ ફરમાવવા તેમજ આ બાબતે જરૂરી યોગ્ય કાર્યવાહી કરવા અમારી આપ સાહેબને ફરીયાદ છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 **અરજદાર શ્રી કાનાભાઈ મેરુભાઈ વતી જેસાભાઈ કાનાભાઈ લગારીયા દ્વારા તા. ૨૯.૦૧.૨૦૦૧ થી** પહોચ નં. ૯૩૫૭૬ થી રૂ. ૧૨૧૬૩/- થી ખેતીવાડી હેતુ માટે ના વીજ જોડાણ માટે અરજી કરેલ હોય તેવું જણાવેલ જેની પાવતી રજુ કરેલ છે જે તે સમયે દેવભુમી દ્વારકા વિભાગીય કચેરી તેમજ કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી ના હોય સદર અરજી ખંભાળિયા વિભાગીય કચેરી હેઠળ કરેલી હોય કેમકે જે તે સમયે ખંભાળિયા વિભાગીય કચેરી ખાતે થી ખેતીવાડી હેતુના વીજ જોડાણ ની કામગીરી હાથ ધરવામાં આવતી હતી. એ ઉપરાંત કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા સદર અરજદાર ને સદર જગ્યા ના હાલના આધાર પુરાવા ૭/૧૨/૮અ વિગેરે રજુ કર્યે આગળની કાર્યવાહી કરવાની ખાત્રી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદાર શ્રી ની રજુઆત મુજબ તેઓ દ્વારા તા. ૨૯.૦૧.૨૦૨૧ ના રોજ રૂ. ૨૫/- રજીસ્ટ્રેશન ફી ભરપાઈ કરી આપેલ છે તેમજ અંદાજપત્રક ની રકમ રૂ. ૧૨૧૬૩/- પણ ભરપાઈ કરી આપેલ છે. તેની રસીદ અરજદાર શ્રી દ્વારા અત્રે ના ફોરમ માં રજૂ કરેલ છે. પરંતુ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તેમને છેલ્લા ૨૧ વર્ષ થી ખેતી વિષયક વીજ કનેક્શન આપવા માટેની કોઈ કાર્યવાહી કરવામા આવેલ નથી.

૪.૨ સદર અરજદાર ની રજુઆત મુજબ જે સ્થળે કનેક્શન માંગવામાં આવેલ છે તે જગ્યા એ અન્ય બે કનેક્શન પણ આપવામાં આવેલ છે, જેની યોગ્ય ચકાસણી પીજીવીસીએલ પક્ષકારે કરવાની રહેશે.

૪.૩ પીજીવીસીએલ કંપની ના પક્ષકાર ને તાકીદ સાથે જનાવવામાં આવે છે કે, સદર રજુઆત બાબતે ઊંડાણ પૂર્વક તપસ કરી તેમજ અરજદાર શ્રી ના સ્થળ નું રોજકામ,ચતુર દિશા ની ચકાસણી કરી ને જરૂરી દસ્તાવેજી પુરાવા લઈ વહેલી તકે કનેક્શન આપી અત્રે ના ફોરમ ને જાણ કરશો.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ અને ૪.૩ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧